Letter No: SJED/0614/02/2024 Dt: 29-02-2024

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની કુલ-૦૭ જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/EOD/e-file/17/2023/0724/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૨/૨૦૨૪.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૧/૬૧૫૦૪/છ.૧, તા.૦૧/૦૬/૨૦૨૧નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૩/૦૩/૨૦૨૩નો ઠરાવ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૨૭/૧૨/૨૦૨૩નો પત્ર નં.DSD/0262/12/2023.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૧/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૧/૬૧૫૦૪/છ.૧થી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની કુલ-૦૭ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવા માટે રૂ.૯.૬૦ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૦૭ આઉટસોર્સથી સેવાઓ લેવા જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ અગાઉ આ ૦૭ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૩ના સરખા ક્રમાંકના ઠરાવથી વધારી આપવામાં આવેલ હતી. આ ૦૭ આઉટસોર્સની જગ્યાઓની મુદ્દત વધુ ૧૧ માસ માટે તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૨૭/૧૨/૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં. ૧ થી ૪ ની કુલ-૦૭(સાત) આઉટસોર્સની જગાઓને તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ટકની વિગતે તથા આ જગ્યાઓની સેવાઓ હાલમાં ભરાયેલ હોવાની શરતને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સખ્યા | પગારધોરણ |
|---|---|---|---|
| ૧ | ક્લાર્ક | ૦૩ | રૂ.૧૨,૦૦૦/- પ્રતિ માસ |
| ૨ | સ્ટેનોગ્રાફર | ૦૧ | રૂ.૧૫,૦૦૦/- પ્રતિ માસ |
| ૩ | પટાવાળા | ૦૨ | રૂ.૧૦,૦૦૦/- પ્રતિ માસ |
| ૪ | સફાઇ કામદાર | ૦૧ | રૂ.૯,૦૦૦/- પ્રતિ માસ |

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની કચેરી, છઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ

- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2024.02.29
13:19:23 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign